# પ્રાંતિજના કરોલ ગામે કપીરાજ નો આતંક

**એક મહિલા સહિત બે પુરૂષોને બચકાં ભર્યા : કપીરાજને જોતા જ ગ્રામજનો ઉભી પુંછડીએ દોટ લગાવે છે : ભોગ બનનાર લોકોએ પ્રાંતિજ સિવિલમાં સારવાર લીધી**





પ્રાંતિજ તા.૮

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ના કરોલ ગામે કપીરાજે આતંક મચાવ્યો છે અને બે દિવસમાં ત્રણ જણને બચકાં ભરતાં ગ્રામજનોમાં ભયનો માહોલ જોવાં મળ્યો છે.

પ્રાંતિજના કરોલ ગામે છેલ્લાં બે દિવસથી કપીરાજ દ્વારા ગામમા વિવિધ વિસ્તારોમાં આતંક મચાવ્યો છે અને જો કોઈ ઘરની બહાર કામ કરતું હોય કે ફળીયામાં આવતું જતું હોય તો એકદમ કપીરાજ દ્વારા તેના ઉપર હુમલો કરવામાં આવે છે અને બચકું ભરી લે છે.

ત્યારે ગામમાં રહેતાં એક મહિલા કૈલાસબેન માનસીંગ મકવાણા સહિત અન્ય બે પુરુષો જગતસિંહ હિંમતસીંગ મકવાણા તથા રમેશભાઈ સોમાભાઈ પરમારને પગે બચકાં ભર્યાં છે ત્યારે તેમણે પ્રાંતિજ સિવિલ ખાતે સારવાર લીધી હતી ત્યારે હાલતો ગામજનોમાં ભયનો માહોલ છે ત્યારે ગામજનો કપીરાજને જોતા જ ઉભી પુંછડીએ દોટ લગાવે છે.

હાલતો ઘરની બહાર ઓસરીમાં કે મહેલ્લાઓમાં કે ખેતરોમાં કે મંજુરી માટે કે વિદ્યાર્થીઓને શાળાએ જવું મુશ્કેલ બન્યું છે. અને કપીરાજનુ નામ સાંભળતા કે સામે જોતાં ગ્રામજનોમાં ભય ફેલાયો છે. આ સમગ્ર ઘટનાની સરપંચ રમેશભાઈ દ્વારા વન વિભાગને જાણ કરવામાં આવી છે ત્યારે ગ્રામજનોની માંગ છે કે વહેલી તકે વનવિભાગની ટીમ દ્વારા કપીરાજને બંધક બનાવે તેવી માંગ ઉઠવા પામી છે.

**ધાનેરા શહેરમાંથી ૧૨,૫૫૦ મે. ટન ઘન કચરાનો નિકાલ કરાયો : કચરો-કાદવ-બગડેલા અનાજની સફાઈનું કામ યુદ્ધના ધોરણે કરી**

# ધાનેરા શહેરને સ્વચ્છ-સુંદર બનાવાયું

પાલનપુર, તા. ૭

વહીવટીતંત્રના સક્રિય પ્રયાસોને લીધે ભારે વરસાદ અને પૂરની આપત્તિ છતાં બનાસકાંઠા જિલ્લાતમાં ઝડપભેર પૂર્વવત પરિસ્થિતીનું નિર્માણ થઈ રહ્યું છે. પૂરથી અતિ પ્રભાવિત ધાનેરા શહેરમાં પણ જનજીવન સામાન્ય થઈ રહ્યું છે. લોકોને પ્રાથમિક સુવિધા માટે અનિવાર્ય રીતે જરૂરી છે તેવી રસ્તા , પાણી, વીજળી, આરોગ્ય , સફાઇ સહીત તમામ સુવિધાઓ જિલ્લોમાં લગભગ પૂર્વવત બનાવી દેવાઈ છે. જિલ્લાણના તમામ ગામો અને શહેરી વિસ્તાપરોમાં સો ટકા વીજ પુરવઠો ચાલુ થઈ ગયો છે.

**૫૧ જે.સી.બી, ૫૪ ડમ્પર, ૪૦ ટ્રેક્ટર અને સૂરત મહાનગરપાલિકાના ૪૬૬ સફાઇ કામદારોએ દિવસ-રાત એક કરી ધાનેરાને સાફ-સૂથરું બનાવી દીધું**

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ બનાસકાંઠા જિલ્લામાં પોતાના પાંચ દિવસના રોકાણ દરમ્યાન ધાનેરા શહેરની સ્થિતિનું નિરીક્ષણ કરીને ધાનેરાને સ્વચ્છ-સુંદર અને હતું તેનાથી સવાયું બનાવવા તંત્રને સુચના આપી હતી. તે મુજબ બનાસકાંઠા જિલ્લાના પૂર્વ કલેકટરશ્રી અને હાલ સુરત મહાનગરપાલિકાના કમિશનરશ્રી એમ. થેન્નારસનના માર્ગદર્શન હેઠળ સુરતના ૪૬૬ સફાઈ કર્મયોગીઓએ દિવસ-રાત એક કરી ધાનેરાને સાફ-સુથરુ બનાવી દીધું છે. ધાનેરા શહેરના તમામ ૭ વોર્ડમાં ૧૨ સુપરવાઈઝરોના સુપરવીઝનમાં ૫૧ જે.સી.બી., ૫૪ ડમ્પર, ૪૦ ટ્રેકટર ધ્વારા કુલ-૧૨,૫૫૦ મે. ટન ઘન કચરાનો નિકાલ કરવામાં આવ્યો છે તેમજ રોગચાળો ન ફેલાય તે માટે ૩૦,૨૬૫ કિ.ગ્રા. લાઈમડસ્ટનો છંટકાવ કરવામાં આવ્યો છે.

સુરત મહાનગરપાલિકાની ટીમ ધ્વારા ૧૨ લાખ લીટર સ્લરીનો નિકાલ, ધાનેરાની એ.પી. એમ.સી.માં પૂરના પાણી ઘૂસી જવાને કારણે જે અનાજ બગડ્યું હતું તેમાંથી ૨૪૨૮ ટન અનાજનો આ સફાઈ દરમિયાન નિકાલ કરવામાં આવ્યો છે. સમગ્ર નગરમાંથી કુલ-૧૨,૫૫૦ મે. ટન ઘન કચરો-કાદવ, દુકાનોમાં બગડેલા માલ-સામાનનો પણ નિકાલ કરવામાં આવ્યો છે.



આ સફાઈ કામગીરી ત્રણ દિવસમાં પૂર્ણ કરીને ધાનેરાને ચોખ્ખું ચણાક, સાફસૂથરું બનાવવાની મુખ્યમંત્રીશ્રીની પ્રતિબદ્ધતાને સાકાર કરવા બદલ સુરત મહાનગરપાલિકાના આ કર્મયોગીઓની કામગીરીને ધાનેરાના લોકોએ બિરદાવી છે. ધાનેરાના લોકોનું માનવું છે કે જો તંત્ર ધ્વારા આટલી સરસ સફાઈની કામગીરી કરવામાં ન આવી હોત તો ધાનેરા ગંદકીમાં ગરકાવ થઈ ગયું હોત અને રોગચાળાનો ભોગ બન્યું હોત....!!!

જિલ્લામાં શહેરી વિસ્તારમાં ૮૬ સફાઈ ટીમ તેમજ ૧૧૦૯ થી વધુ મજુરો અને ૫૭ જે.સી.બી., ૧૭ પંપ, ૬૫ ટ્રેકટર અને ૫૫ ડમ્પર દ્વારા સફાઈની કામગીરી યુધ્ધના ધોરણે કરવામાં આવી છે અને ૧૯,૮૦૫ ટન ઘન કચરાનો નિકાલ કરવામાં આવ્યો છે તથા ૫૪,૯૫૦ કિ.ગ્રા. દવાનો છંટકાવ કરવામાં આવ્યો છે.

પૂર પછી સમગ્ર જિલ્લામાં કાદવ, ઝાખરા દૂર કરવાની સાફસફાઈ કામગીરી અન્વયે ગ્રામીણ વિસ્તારોમાં ૨૧૩ ટીમો, ૬૫ જે.સી.બી., ૧૦૬ ટ્રેકટર, ૧ ડમ્પર તેમજ ૯૦૯ મજુરો ધ્વારા સફાઈની કામગીરી કરવામાં આવી છે અને ૧૨૨૪ ગામોમાં પાવડરનો છંટકાવ કરવામાં આવ્યો છે.

# અરવલ્લી જિલ્લામાં રક્ષાબંધનની શ્રદ્ધાભેર ઉજવણી

**પૂજા-અર્ચના સાથે બ્રાહ્મણોએ સમૂહમાં જનોઈ બદલી**





અરવલ્લી, તા. ૭

ભાઈ-બહેનના પવિત્ર પ્રેમના પ્રતીક સમાન રક્ષાબંધન પર્વની અરવલ્લી જિલ્લા સહીત મોડાસા શહેરમાં ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. બહેનોએ શુભમુહર્તમાં પોતાના લાડકવાયા ભાઈઓના હાથે રાખડી બાંધી તેમની સુખ-સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. રક્ષાબંધનના તહેવારને લઈ વહેલી સવારથી જ લોકોમાં આનંદ ઉલ્લાસ જોવા મળ્યો હતો. બહેનોએ ભાઈઓ માટે બજારમાં મળતી અવનવી યથાશક્તિ મુજબ રાખડીઓ ખરીદી કરી હતી. બાળકોમાં લાઈટ અને કાર્ટુનનવાળી રાખડીઓ આકર્ષણનું કેન્દ્ર બની હતી. શુભમુહર્તમાં બહેનોએ ભાઈઓને કુમકુમ તિલક કરી મોં મીઠું કરાવી રાખડી બાંધી હતી. રક્ષાબંધનમાં કેટલાક મુસ્લિમ ભાઈઓના ઘરે હિન્દુ બહેનો રાખડી લઈ અને મુસ્લિમ બહેનો હિન્દુ ભાઈઓના ત્યાં રાખડી લઈ રક્ષાબંધનની ભાવપૂર્વક ઉજવણી થતા કોમી એકતાના દશ્યો જોવા મળ્યા હતા. શ્રાવણ માસની નારિયેળી પૂનમ બ્રાહ્મણો માટે અનેરૂ મહત્વ ધરાવે છે. અને જનોઈ બદલતા હોય છે. મોડાસાના ઓધારી મંદિર ખાતે આજે રક્ષાબંધનના પવિત્ર દિવસે બ્રાહ્મણોએ સમૂહમાં જનોઈ બદલવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં બ્રાહ્મણોએ પોતાની જનોઈ પવિત્ર શ્લોક ઉચ્ચારણ અને પૂજા-અર્ચન સાથે બદલી નવી જનોઈ ધારણ કરી હતી. સમૂહ જનોઈ બદલવાની વિધિ એકલનજી મિત્ર મંડળ દ્વારા યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં જિલ્લા સહીત મોડાસાના બ્રાહ્મણો જોડાયા હતા.

# બાલારામ નદીમાં નાહવા પડેલા યુવકનું ડુબી જતા મોત

**૩ વાલ્મિકી યુવકો નાહવા પડ્યા હતા : ૧ યુવકનું ડૂબી જતા મોત**

વડગામ, તા. ૭

ઉત્તર ગુજરાતના મીની કાશ્મીર ગણાતા યાત્રાધામ બાલારામ ખાતે વડગામ તાલુકાના થલવાડા ગામના ૩ વાલ્મિકી સમાજના યુવકો નાહવા પડ્યા હતા. જેમાં નદીમાં નાહવા પડેલા એક યુવકનું ડૂબી જતા મોત નીપજ્યું હતું.



વડગામ તાલુકાના થલવાડા ગામના ૩ વાલ્મિકી સમાજના યુવકો બાલારામ નદીમાં ધારમાતા પાસે નાહવા પડ્યા હતા. જ્યાં ૨૨ વર્ષીય જયંતિભાઈ કરશનભાઈ વાલ્મિકીનું ડૂબી જતા મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતા સહેલાણીઓના ટોળે ટોળા વળ્યાં હતા.

દરમિયાન, પોલીસે આવી મૃતકના મૃતદેહનો પોસ્ટમોર્ટમ માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

# પ્રાંતિજમાં લાલજી મંદિર ખાતે મટકી હિંડોળા બનાવવામાં આવ્યાં

**વૈષ્ણવ સમાજના ભાઇ-બહેનોએ હિંડોળાના દર્શન નો લાભ લીધો**



પ્રાંતિજ તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલા મદન મોહન લાલજી ના મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસ માં દરવર્ષની જેમ આવર્ષે પણ વિવિધ પ્રકારના હિંડોળા બનાવવામાં આવ્યા હતાં જેમાં હરિભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

પ્રાંતિજ દેસાઈની પોળમાં આવેલ મદન મોહન લાલજી મંદિર ખાતે આ વર્ષે પણ મંદિર વ્યવસ્થાપક દ્વારા વિવિધ પ્રકારના હિંડોળા ભરવામાં આવ્યા હતાં જેમાં ફુલોનો હિંડોળો, ફળોનો હિંડોળો, સુકા મેવાનો હિંડોળો, મગફળીનો હિંડોળો, દર્પણ નો હિંડોળો, તથા શ્રાવણ -ભાદરવો જેવો આબેહુબ મ્યુઝીક સંગીત લાઈટો સાથે હિંડોળો આબેહૂબ ભરવામાં આવ્યો હતો જયારે મટકી હિંડોળા પણ બનાવવામાં આવ્યો હતો. જેમાં વૈષ્ણવ સમાજના ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને દર્શન કરી ધન્યતા અનુભવી હતી જયારે રત્નાબેન, ભરતભાઈ તથા મંદિર ના ટ્રસ્ટી શરદભાઈ પરીખ તથા મંદિરના મુખ્યાજીના પરિવાર સહિત વગેરે દ્વારા દરરોજ જુદા-જુદા હિંડોળા ની સજાવટ કરવામાં આવેછે અને દરરોજ મંદિરના સંકુલમાં ભજન કિતન કાર્યક્રમ પણ હરિભકતો દ્વારા યોજાય છે.

# લાયન્સ ક્લબ મોડાસા દ્વારા બહેરા-મુંગા શાળામાં રક્ષાબંધનની ઉજવણી




મોડાસા, તા. ૭


શાળામાં અરવલ્લી, સાબરકાંઠા, મહીસાગર, પંચમહાલ સહીત રાજયના અંતરિયાળ વિસ્તારમાંથી મોટેભાગે ગરીબ પરિવારમાંથી આવતા મુકબધીર વિદ્યાર્થીઓ અભ્યાસ માટે હોસ્ટેલમાં રહેતા હોય છે અને કેટલાક બાળકોના સ્વજનો તો તહેવાર સમયે પણ કાળજી લેતા નથી ત્યારે મોડાસા લાયન્સ ક્લબની ટીમે રક્ષાબંધનના દિવસે આ બાળકો સાથે ભાઈ બહેનના પ્રતીક સમાન રક્ષાબંધની હર્ષોલ્લાસ ઉજવણી કરી અલ્પાહાર આપવામાં આવ્યો હતો. આ ઉજવણીમાં લાયન્સ ક્લબના ડૉ. ટી.બી. પટેલ, મંત્રી સુરેશ પટેલ, વી.પી. ગિરીશ પટેલ, લાયોનેસ હેમલત્તાબેન ઉપસ્થિત રહ્યા હતા. મોડાસા લાયન્સ ક્લબ મોડાસા પ્રમુખ ભાવેશ જયસ્વાલે બાળકોને શુભેચ્છા આપી હતી.

# સાબરકાંઠા જિલ્લા-અરવલ્લી જિલ્લાની સહકારી સંસ્થાઓ સેવા માટે હંમેશા તત્પર હોય છે

**આજે બીજી ટ્રક બનાસકાંઠા પુરગ્રસ્તોને મોકલાઈ**

હિંમતનગર, તા. ૭

સાબરકાંઠા તથા અરવલ્લીની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ તથા નાગરીક બેન્ક અને સહકારી જીનો જેવી સહકારી સંસ્થાઓના આર્થીક સહયોગથી સાબરકાંઠા જિલ્લા કન્ઝુમર્સ ફેડરેશન મારફતે આજરોજ શહેરના કોટન માર્કેટયાર્ડમાંથી બનાસકાંઠા જિલ્લાના પુરગ્રસ્તો માટે વિવિધ અનાજ તેમજ મસાલાની કીટો સાબરકાંઠા બેન્કના ચેરમેન મહેશભાઈ પટેલના પ્રયત્નોથી મોકલવામાં આવી હતી. આ પ્રસંગે રાજ્ય સરકારના મંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રી વલ્લભભાઈ કાકડીયા ઉપસ્થિત રહી સહકારી સંસ્થાઓની સેવાઓને સરાહના કરી હતી. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપ, સાબરકાંઠા બેન્કના ચેરમેન મહેશભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, પાલીકા પ્રમુખ નીલાબેન પટેલ, જયેશભાઈ પટેલ, સાબરકાંઠા બેન્કના એડવાઈઝર હરીશભાઈ પટેલ, માર્કેટયાર્ડના મેનેજર માર્ગેશભાઈ શાહ, મનસુરીબેન વગેરે હાજર રહ્યા હતા.










# મોડાસાની તિરૂપતી વીલા બંગ્લોઝ અને જીનિયસ સ્કૂલમાં તસ્કરોનો હાથ ફેરો : લાખ્ખોની મત્તા ચોરાયાનો અંદાજ

મોડાસાના માલપુર રોડ પર આવેલી સહયોગ બાયપાસ ચોકડી નજીક આવેલા તિરૂપતિ વીલા બંગ્લોઝના સાત બંગ્લોઝમાં રવિવારની રાત્રીએ તસ્કરોએ નિશાન બનાવી લાખ્ખોની લૂંટ ચલાવી નજીકમાં મોડાસા-માલપુર રોડને અડીને આવેલી જીનિયસ સ્કૂલમાં પણ લૂંટ ચલાવી તસ્કરો પલાયન થઈ ગયા હતા. તિરૂપતિ બંગ્લોઝના રહીશોના જણાવ્યા અનુસાર ચોર ગેંગે લાખો રૂપિયાની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા.